શો-બાજ

# આજકાલના રીમિક્સ સાંભળી ઓરિજીનલ ગીતો રડતા હશેઃ જીતેન્દ્ર



**બોલિવૂડમાં જ્યારે સફેદ શૂઝ, એનર્જેટિક ડાન્સ અને લાખો દિલોની ધડકન સમાન કોઈ નામ લેવામાં આવે, ત્યારે એક જ ચહેરો નજર સામે આવે જીતેન્દ્ર કપૂર. હાલ જીતેન્દ્રએ જે અંદાજમાં આજના સિનેમા, સોશિયલ મીડિયા અને બદલાતા મુંબઈ વિશે વાત કરી, તે સાંભળીને લાગે કે આ માણસ આજે પણ એટલો જ 'યંગ એટ હાર્ટ' છે.**

**તમારા જમાનાની ફિલ્મ ઇન્ડસ્ટ્રી અને આજના જમાનાની ફિલ્મ ઇન્ડસ્ટ્રીને તમે કઈ રીતે જુઓ છો?**

જુઓ, હું એમ નથી કહેતો કે મારા જમાનામાં બધું જ ખૂબ સારું હતું અને અત્યારે બધું ખરાબ છે. હકીકત એ છે કે સમયની સાથે લોકોનો ટેસ્ટ બદલાતો રહે છે. બધું જ પરિવર્તનશીલ છે. હું તમને એક કિસ્સો સંભળાવું... રાજ કપૂરની ફિલ્મ 'બરસાત' આવી ત્યારે તેમાં 'કુકુ' નામના એક ડાન્સર હતા. લોકો તેમના ડાન્સના દીવાના હતા. પછી શમ્મી કપૂર આવ્યા, તો પેલો જૂનો ડાન્સ આઉટડેટેડ લાગવા માંડ્યો. ત્યારબાદ શશી કપૂર, પછી હું (જીતેન્દ્ર), ત્યારબાદ ગોવિંદા અને રિતિક રોશન આવ્યા. દરેકની સ્ટાઈલ અલગ છે અને લોકોનો ટેસ્ટ બદલાતો રહે છે.

**આજના ગીતો અને સંગીત વિશે તમારું શું કહેવું છે?**

(હસતા હસતા) આજે હું ગાડીમાં આવતો હતો ત્યારે ગીતો સાંભળતો હતો. મારી સાથે મારી દીકરીની એજની મારી વાઈફની અસોસિએટ હતી. મેં તેને પૂછ્યું કે 'આ આજકાલના ગીતો કેવા છે?' તેણે મને કહ્યું કે 'સર, આ તો અત્યારે બહુ મોટા હિટ ગીતો છે!' મને તો કાંઈ સમજાતું જ નહોતું. એટલે મને લાગે છે કે કાં તો મારો ટેસ્ટ બદલાઈ ગયો છે અથવા તો હું પોતે જ આજના માં 'આઉટડેટેડ' થઈ ગયો છું!

**આજના સમયમાં સોશિયલ મીડિયા અને OTT પ્લેટફોર્મ ખૂબ વધી રહ્યા છે, તેની ફિલ્મ ઇન્ડસ્ટ્રી પર શું અસર દેખાય છે?**

જીતેન્દ્રઃ અમારા વખતે તો આમાંથી કાંઈ હતું જ નહીં! સાચું કહું તો, આજે ઘણા લોકો મને ઓળખે છે તેનું કારણ જ આ તમારા ફોન અને સોશિયલ મીડિયા છે. પહેલાના સમયમાં જ્યારે દૂરદર્શન પર ફિલ્મ આવતી, ત્યારે રસ્તાઓ સૂમસામ થઈ જતા, ટ્રાફિક ગાયબ થઈ જતો. લોકોમાં ફિલ્મોનો એટલો ક્રેઝ હતો. અમારા ગણપતિના ફંક્શનમાં 11 દિવસ નાટકો થતા, પણ જે દિવસે ફિલ્મ બતાવવાની હોય તે દિવસે પંડાલ 'પેક્ડ' થઈ જતો. આજે બધું જ ફોન પર ઉપલબ્ધ છે, આ પરિવર્તન તો આવવાનું જ હતું.

**તમે આજે થાણે (Thane) આવ્યા છો, તો અહીંના વિકાસને કઈ રીતે જુઓ છો?**

જીતેન્દ્રઃ સૌથી મોટો ફેરફાર તો સમયનો છે! પહેલા મને મારા ઘરેથી થાણે આવવામાં 45 મિનિટ લાગતી, આજે દોઢ કલાક લાગ્યો! અને બીજું કે, જ્યારે હું 15-18 વર્ષ પહેલા અહીં આવ્યો હતો, ત્યારે આ જગ્યા એક ગામડા જેવી લાગતી હતી. આસપાસ કાંઈ જ નહોતું. આજે હું વિશ્વાસ નથી કરી શકતો કે આટલો ફેરફાર થઈ ગયો છે!

**આજે પણ તમે આટલા ફિટ દેખાઓ છો, તમારું 'વ્હાઈટ આઉટફિટ' અને ડાન્સિંગ શૂઝ આજે પણ ફેમસ છે, આનું રહસ્ય શું છે?**

જીતેન્દ્રઃ (ખડખડાટ હસતા) અરે ભાઈ, રહસ્ય તો કાંઈ નથી, બસ 'મેન્ટેનન્સ' છે! સફેદ કપડાં પહેરવાનું કારણ એ હતું કે હું ડાન્સ બહુ કરતો અને શૂટિંગમાં ધૂળ બહુ ઉડતી, તો સફેદ કપડાંમાં પરસેવો અને ધૂળ ઓછા દેખાતા! અને રહી વાત ફિટનેસની, તો હવે હું રિતિક રોશન જેવો ડાન્સ તો નથી કરી શકતો, પણ હા, હજી પણ જો સંગીત વાગે તો મારા પગ આપોઆપ થરકવા માંડે છે. સફેદ શૂઝ તો મારા નસીબના સાથી રહ્યા છે!

**તમારા સમયની અભિનેત્રીઓ અને આજની હીરોઈનો વચ્ચે તમને શું તફાવત લાગે છે?**

જીતેન્દ્રઃ જુઓ, અમારા જમાનામાં અભિનેત્રીઓ ખૂબ જ શરમાળ હતી. શ્રીદેવી કે જયાપ્રદા સાથે જ્યારે હું કામ કરતો, ત્યારે તેઓ સેટ પર બહુ ઓછું બોલતી, પણ આજે? બાપ રે! એટલી કોન્ફિડન્ટ અને એટલી ટેલેન્ટેડ કે અમને લાગે કે અમે તો એમની સામે શીખવા જેવું છે. પણ હા, એક વાત છે, જૂની ફિલ્મોમાં જે 'અદા' હતી, એ હવે ક્યાંક 'એક્શન'માં ખોવાઈ ગઈ છે.

**સોશિયલ મીડિયા પર તમારી દીકરી એકતા કપૂર અને પુત્ર તુષાર પણ ખૂબ એક્ટિવ છે, શું તેઓ તમને ટ્રેનિંગ આપે છે?**

જીતેન્દ્રઃ અરે! એકતા તો મને કહે છે, 'પાપા, તમે બસ શાંતિથી બેસો, હું બધું હેન્ડલ કરી લઈશ!' તે સોશિયલ મીડિયાની ક્વીન છે અને તુષાર તો મને રીલ્સ બનાવવાનું કહે છે, પણ હું એને કહું છું કે 'બેટા, મારું કામ ફિલ્મોમાં નાચવાનું હતું, આ 15 સેકન્ડના વીડિયોમાં મારી શ્વાસ ચઢી જાય!' જોકે, તેમના કારણે જ મને ખબર પડે છે કે દુનિયા કેટલી બદલાઈ ગઈ છે.

**થાણેની ટ્રાફિક વિશે તમે વાત કરી, પણ જો તમને આજે કોઈ ફિલ્મમાં થાણેના રસ્તા પર ડાન્સ કરવાનું કહેવામાં આવે, તો શું કરશો?**

જીતેન્દ્રઃ (મજાકમાં) થાણેના રસ્તા પર? જો હું ડાન્સ કરવા જઈશ તો ટ્રાફિક જામ જે અત્યારે છે એના કરતા ડબલ થઈ જશે! અને પોલીસવાળા મને પહેલા પકડી જશે. પણ સાચું કહું તો, અહીંના લોકો એટલા પ્રેમાળ છે કે જો હું રસ્તા પર ઉતરું તો મને ડાન્સ કરવા દેવાને બદલે મારી સાથે સેલ્ફી લેવા પડાપડી કરશે. એટલે અત્યારે તો હું ગાડીના કાચમાંથી જ થાણે જોવાનું પસંદ કરીશ!

**આજના યુવાન કલાકારોને તમે શું સલાહ આપવા માંગશો?**

જીતેન્દ્રઃ સલાહ તો એક જ છે– 'સમયના ગુલામ બનો, ટેકનોલોજીના નહીં.' આજે લોકો શૂટિંગ કરવા કરતા સોશિયલ મીડિયા પર ફોટા મૂકવામાં વધુ ધ્યાન આપે છે. અમે લોકો સૂરજ ઉગે તે પહેલા સેટ પર પહોંચી જતા. ડિસિપ્લિન રાખશો તો લાંબુ ચાલશો, બાકી વાયરલ તો આજે બધું થાય છે, પણ યાદ થોડું જ રહે છે!

**જો તમને 'હિંમતવાલા' ની રિમેક ફરીથી બનાવવાની તક મળે, તો તમે શું ફેરફાર કરશો?**

જીતેન્દ્રઃ ફેરફાર? હું તો કહીશ કે એ જેવું હતું એવું જ રહેવા દો! પેલા માટલા (Pots) અને પેલા ડાન્સ સ્ટેપ્સ... આજે જો એવું કોઈ કરે તો લોકો તેને 'ક્રેઝી' કહેશે. પણ એ જ તો મજા હતી! જો રિમેક બને તો હું ઈચ્છીશ કે મ્યુઝિક એ જ જૂનું રહે, કારણ કે આજકાલના 'રીમિક્સ' સાંભળીને મને લાગે છે કે ઓરિજિનલ ગીત જ બિચારું રડતું હશે! ●

# આયેશા ખાન બનશે અક્ષય કુમારની હિરોઈન!




ગ્લેમર

ટીવી-ઍક્ટ્રેસ આયેશા ખાનના હાલ સિતારા બુલંદ છે. ફિલ્મ 'ધુરંધર'ના આઈટમ-સૉન્ગ 'શરારત'માં તેની શરારત જોવા મળી હતી અને આ ગીતને કારણે આયેશાને પ્રસિદ્ધિ મળી છે. જ્યારે બીગબોસ 17 માં આયેશા તેના દેસી અને સંસ્કારી લૂકથી લોકોના મનમાં આયેશાની એક પોઝિટિવ ઈમેજ ક્રિએયટ થઇ હતી, પણ જ્યારે તેના સોશિયલ મિડિયામાં ડોકિયુ કર્યું ત્યારે ખબર પડી હતી કે આયેશા એક મોર્ડન ગર્લ છે. ત્યાર પછી તો આયેશાને કપિલ શર્માની ફિલ્મ 'કિસ કિસકો પ્યાર કરું 2'માં પણ લોકોએ જોઇ. જેમાં તેની એક્ટિંગની શું વાત જ કરવી!

હવે લેટેસ્ટ રિપોર્ટ પ્રમાણે આયેશાને 'ભાગમભાગ 2'માં અક્ષય કુમારની હિરોઈન તરીકે સાઈન કરી લેવામાં આવી છે. 2006માં જ્યારે 'ભાગમભાગ' ફિલ્મને લોકો આજે પણ વખાણે છે. ત્યારે 'ભાગમભાગ 2'માં ફરી અક્ષય કુમાર અને ગોવિંદાને લીડ રોલમાં જોવા મળવાના છે. હવે 20 વર્ષ પછી 'ભાગમભાગ 2' બની રહી છે. મળતી માહિતી પ્રમાણે આયેશાનું શૂટિંગ ફિલ્મના મેઈન શેડ્યુલ દરમ્યાન પૂરું કરવામાં આવશે. જોકે ફિલ્મમાં આયેશાનો રોલ કેટલો છે? તેના રોલ કેવા પ્રકારનો છે તેના વિશે વિશેષ વિગતો જાહેર કરવામાં આવી નથી. પણ એ વાત નક્કી કે જે કોઈ અક્ષયની હિરોઈન બને અને સારી એક્ટિંગ કરશે તો અક્ષય તેની આગલી ફિલ્મોમાં પણ આયેશાને મોકો આપશે તે નક્કી! આમ પણ અક્ષય વર્ષમાં 3-4 ફિલ્મો કરવાવાળો એક્ટર છે. એટલે હાલ આયેશા ખાનના સિતારા બુલંદ છે તેમાં કોઈ બે મત નથી. ●

# દર્શકો માત્ર ડ્રામા જ નહીં પણ સ્માર્ટ ગેમપ્લે જોવા માંગે છે!




સ્મોલ સ્ક્રિન

ધ 50 ઈન્ડિયા' શોમાં જાણીતા સોશિયલ મીડિયા ઈન્ફ્લુએન્સર્સ, ટીવી એક્ટરો અને સ્પોર્ટમેન સાથે થઈ હતી. શોની શરૂઆતથી જ વાતાવરણ તણાવપૂર્ણ રહ્યું છે અને લોકોએ શોને જોવાનું ઓછું પણ કર્યું હતું, જેમ જેમ શોમાં ધમાલ-કોમેડી અને ડ્રામાનું લેવલ વધતુ ગયું તેમ તેમ દર્શકો આ શોને પસંદ કરવા લાગ્યા છે. અહીં માત્ર ફીઝિકલ પાવર જ નહીં, પણ મેન્ટલ ગેમ અને કનેક્શન સૌથી વધુ મહત્ત્વના સાબિત થયા છે.

શરૂઆતના એપિસોડમાં સ્પર્ધકોને એક પછી એક મુશ્કેલ ટાસ્ક આપવામાં આવ્યા હતા. જેમાં સ્પીડ, બેલેન્સ અને ટીમે વર્કની એક્સામ કરવામાં આવી.

આ શોની સૌથી મોટી ખાસિયત એ છે કે અહીં દોસ્તી ગમે ત્યારે દુશ્મનીમાં બદલાઈ શકે છે. કેટલાક જાણીતા ચહેરાઓએ ગ્રુપ બનાવીને નબળા ખેલાડીઓને બહાર કાઢવાની ગેમ રમી, જેના કારણે સોશિયલ મીડિયા પર ફેન્સ વચ્ચે પણ ચર્ચાઓ જામી છે.

શરૂઆતના રાઉન્ડમાં જ કેટલાક એવા સ્પર્ધકો બહાર થઈ ગયા જેમના જીતવાની શક્યતા વધુ જણાતી હતી. આનાથી બાકીના સ્પર્ધકોમાં ફાળ પડી છે કે અહીં કોઈપણ સુરક્ષિત નથી.

અત્યાર સુધીના દેખાવ પરથી જણાય છે કે જે ખેલાડીઓ શાંત રહીને પોતાની ચાલ ચાલી રહ્યા છે, તેઓ લાંબો સમય ટકી રહ્યા છે. જે લોકો વધુ પડતા આક્રમક હતા, તેઓ અન્ય સ્પર્ધકોની નજરમાં આવી ગયા અને વોટિંગ પ્રક્રિયા દ્વારા બહાર ફેંકાઈ ગયા.

જેમ જેમ શો તેના અંતિમ તબક્કા તરફ આગળ વધશે, ગેમ વધુ મજેદાર અને કોપ્લિકેટેડ બનશે.

અત્યાર સુધી જે લોકો ગ્રુપમાં રમી રહ્યા હતા, હવે માસ્ટર એવા ટાસ્ક આપી શકે છે જ્યાં મિત્રોએ જ એકબીજાની સામે લડવું પડે.

રિયાલિટી શોના નિયમ મુજબ, શક્ય છે કે ગેમને વધુ મસાલેદાર બનાવવા માટે કોઈ જૂના મજબૂત સ્પર્ધક અથવા નવા ચહેરાની વાઈલ્ડ કાર્ડ એન્ટ્રી કરાવવામાં આવે.

જેમ જેમ સ્પર્ધકો ઘટશે, તેમ તેમ બાકી રહેલા ખેલાડીઓ માટે જોખમ વધશે. માસ્ટર દ્વારા એવી શરતો મૂકવામાં આવી શકે છે જેનાથી ઈનામી રકમ વધી શકે અથવા અચાનક ઘટી પણ શકે.

સોશિયલ મીડિયાના ટ્રેન્ડ્સ મુજબ, ટોપ 5 માં પહોંચવા માટે સ્પર્ધકો વચ્ચે આંતરિક રાજકારણ ચરમસીમાએ પહોંચશે.

'ધ 50 ઈન્ડિયા' એ સાબિત કર્યું છે કે ભારતીય પ્રેક્ષકો હવે માત્ર ડ્રામા જ નહીં પણ સ્માર્ટ ગેમપ્લે જોવા માંગે છે. આ શોમાં જે રીતે સાયકોલોજી અને સ્પર્ધાનું મિશ્રણ છે, તે તેને અન્ય રિયાલિટી શોથી અલગ પાડે છે. હવે જોવાનું એ રહેશે કે 'માસ્ટર'ની આ જાળમાંથી કોણ બચીને વિજેતા ટ્રોફી પોતાના નામે કરે છે? ●

# આશિષની 'એકાકી' સિરીઝને લાગી હતી નજર!



વાયરલ

ફેમસ યુટ્યુબર આશિષ ચંચલાની આ દિવસોમાં પોતાની હોરર-થ્રિલર વેબ સિરીઝ 'એકાકી' (Ekaki) ને કારણે ખૂબ જ ચર્ચામાં રહ્યો છે. આ સિરીઝે દર્શકોમાં જબરદસ્ત રોમાંચ જગાવ્યો છે, પરંતુ તેના છેલ્લા એટલે કે 5માં એપિસોડ (Chapter 5) ના રિલીઝ પહેલા એક મોટી આફત આવી પડી હતી, જેને કારણે આશિષે સોશિયલ મીડિયા પર પોસ્ટ શેર કરવી પડી હતી. આશિષે 5 એપિસોડવાળી એક સિરીઝ બનાવી, જે બનાવવા માટે આશિષની બધી કમાણી પણ આ સિરીઝ બનાવવામાં ખર્ચાય ગઇ હતી. શૂટિંગ મહિનાઓ સુધી ચાલ્યું અને આશિષે યુટ્યુબ પર એક પછી એક ચાર એપિસોડ રિલીઝ પર કરી દીધાં હતા, પણ જ્યારે 5માં એપિસોડ રિલીઝ કરવાની તારીખ નજીક આવી તો આશિષને ખબર પડી કે VFX ના 20 ટકા થી વધુ ડેટા કરપ્ટ થઇ ગયા છે. સિરીઝનો લાસ્ટ એપિસોડ ક્લાઈમેક્સ છે એટલે તેથી આ એપિસોડ સૌથી લાંબો પણ છે. આશિષે આ ઘટનાને અત્યંત તણાવપૂર્ણ ગણાવતા કહ્યું કે, 'નઝર સાચી છે (Nazar is real). તેમણે જણાવ્યું કે આ ટેકનિકલ ખામીને કારણે સિરીઝના ફિનાલેમાં મોડું થયું છે, કારણ કે જે સિન ખોવાઈ ગયા છે તેને ફરીથી બનાવવા માટે સમય અને ખૂબ મહેનતની જરૂર છે.

ડેટા કરપ્ટને કારણે આશિષ પાસે 2 ઓપ્શન હતા. એક તો રી-શૂટ અને બીજો ઓપ્શન ડેટા રિકવર કરવા.

પહેલો ઓપ્શન આશિષ માટે પોસિબલ ન હતો. એટલે સેકેન્ડ ઓપ્શન પર કામ કર્યું અને ડેટા રિકવર કરીને ફાઈનલી એપિસોડ રિલીઝ કરી દીધો! આ ડેટા ગુમાવવાનો અર્થ એ હતો કે આખી ટીમની છ મહિનાની સતત મહેનત પાણીમાં ગઈ હતી.

'એકાકી' આશિષનો અત્યાર સુધીનો સૌથી મહત્વનો પ્રોજેક્ટ છે, જેમાં તેઓ માત્ર એક્ટર જ નહીં પરંતુ લેખક અને ડિરેક્ટરની ભૂમિકા પણ ભજવી રહ્યો છે. સિરીઝના અત્યાર સુધીના ચાર એપિસોડમાં સસ્પેન્સ અને ડરનું એક અનોખું લેવલ ઊભું કર્યું છે. ફાઈનલ એપિસોડમાં ઘણા સિક્રેટ પરથી પડદો ઉંચકાવવાનો હતો, પરંતુ ડેટા લોસને કારણે આ રાહ વધુ લાંબી બની છે.

જોકે આ આંચકો મોટો હતો, પણ આશિષે હિંમત હારી નથી. તેમણે પોતાના ચાહકોને ખાતરી આપી છે કે તેમની ટીમ દિવસ-રાત કામ કરી રહી છે જેથી કરીને ખોવાયેલા ભાગને ફરીથી તૈયાર કરી શકાય. તેમણે ચાહકોને ધીરજ રાખવા વિનંતી કરી છે અને વચન આપ્યું છે કે 'એકાકી'નો ક્લાઈમેક્સ અદભૂત હશે અને તે દર્શકોની અપેક્ષા પર ખરો ઉતરશે! ●